# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

રાજીવ ગાંધી ભવન, સંસ્કાર કેન્દ્ર માર્ગ, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોનઃ ૦૭૯-૨૬૫૭૮૨૧૨, ૧૩ ફેક્સઃ ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www. gujaratcongress.org E – mail : gpcc1234@gmail.com


અખબારી યાદી તા. ૦૪-૦૧-૨૦૨૨

- **ભાજપની રાજ્ય સરકાર જેટની ઝડપે ફાઈલો ચલાવીને આ ત્રણેય જમીન પ્રકરણોમાં દબાણવાળી અને નવી માંગણીની કુલ ૨૪ લાખ ૭૭ હજાર ચો.મી. જમીનનો દબાણને નિયમિત કરવા અને નવી માંગણી મંજુર કરવામાં ભાવોમાં નિયમ વિરૂદ્ધ રાહત આપીને કુલ રૂ. ૯૮૭૧.૭૪ કરોડનો લાભ કરાવી રહી છે : અર્જુન મોઢવાડીયા**
- **ગરીબ માણસો ઝુંપડુ બાંધીને રહેતા હોય કે સરકારી જમીન ઉપર ૫૦-૧૦૦ વારનું રહેણાંક દબાણ હોય તો લેન્ડ ગ્રેબીંગ એક્ટ લગાવનારી ભાજપ સરકાર AMNS જેવા રાજ્યના સૌથી મોટા લેન્ડ ગ્રેબરને લાલ જાજમ પાથરીને નહીંવત કિંમતે દબાણ નિયમિત કરી દેછે : અર્જુન મોઢવાડીયા**
- **AMNS સામે લેન્ડ ગ્રેબીંગ એક્ટ લગાવવા અને સામાન્ય માણસોને જે ભાવે જમીન અપાઈ છે તે જ ભાવે જમીનનાં નાણાં AMNS પાસેથી વસુલો : અર્જુન મોઢવાડીયા**
- **AMNSના સમગ્ર લેન્ડ ગ્રેબીંગ અને જમીન ફાળવણી કૌભાંડની હાઈકોર્ટના સીટીંગ જજ મારફતે તપાસ કરો : અર્જુન મોઢવાડીયા**
- **સામાન્ય નાગરીકને “મફતગાળા”ના પ્લોટ માટે રઝવાવનાર સરકાર ઉદ્યોગપતિઓને જમીનોની લ્હાણી કરી રહી છે : મોઢવાડીયા.**
- **લેન્ડ ગ્રેબીંગ કાયદો કર્યો ત્યારે કોઈ ચમરબંધીને રહીં છોડવાની વાત કરનાર સરકાર “એન્ટી ચમરબંધી સ્કવોર્ડ” બનાવશે ? : મોઢવાડીયા**
- **સરકારની ભૂ-માફીયાઓની વ્યાખ્યા કઈ ?**
  **કાયદાના ઓઠા હેઠળ સરકાર પોતે જમીનો પધરાવી દે એને શું કહેવાય ?**
- **સરકાર પોતે ભૂ-માફીયાની ભૂમિકામાં હોય તેવું લાગે છે.**

હજીરા સુરત ખાતેની આર્સેલર મીત્તલ-નિપોન સ્ટીલ કંપનીએ કરેલું સરકારી જમીન ઉપરનું દબાણ હટાવવા અને પ્રદૂષણ ઉપર નિયંત્રણની કાર્યવાહી કરવાને બદલે ભાજપની ભ્રષ્ટાચારી ગુજરાત સરકાર પોતાના મળતીયા ઉદ્યોગ ગૃહ આર્સેલર મિત્તલ-નિપોન સ્ટીલ-AMNSને ૨૪ લાખ ૭૭ હજાર ચોરસ મીટર જમીન કાયદા કાનુનને નેવે મુકીને પાણીના ભાવે મુલ્યાંકન કરીને રૂ.૯,૬૮૧ કરોડનું કૌભાંડ કરવા જઈ રહી હોવાનો ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી અર્જુન મોઢવાડિયાએ દસ્તાવેજી પુરાવાઓ સાથે આક્ષેપ કર્યો હતો.

શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ આજે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે સામાન્ય નાગરીકે ૧૦૦-૨૦૦ વારનું દબાણ કર્યું હોય તો તેમને લેન્ડ ગ્રેબીંગમાં ફીટ કરીને જેલમાં ધકેલી દેનાર ભાજપની સરકાર વિદેશી આર્સેલર મિત્તલ-નિપોન સ્ટીલ-AMNSનું લાખો ચોરસ મીટરનું દબાણ નિયમિત કરીને નિયમ વિરૂધ્ધ અને કલેકટરના અધ્યક્ષપદ હેઠળની જમીનનું મુલ્યાંકન કરનારી ડીસ્ટ્રીકટ લેન્ડ વેલ્યુએશન કમીટીની ભલામણોને ફગાવીને મનઘડંત રીતે ભાવો નક્કી કરીને AMNSને રૂ.૯,૮૬૧ કરોડનો ફાયદો કરાવવાની કાર્યવાહી જેટ ઝડપે ચાલી રહી છે.

(૧) AMNSને અગાઉ ૭૨.૪૮ હે. જમીન રૂ.૭૦૦ પ્રતિ ચો.મી.ના એડહોક ભાવે અને વેલ્યુએશન કરાવીને જમીનના જે બજાર ભાવ નક્કી થાય તે મુજબના ભાવ આપવાની શરતે રાજ્ય સરકારે આગતરો કબ્જો સોંપેલ હતો. સદરહુ

જમીનમાં AMNSએ દબાણ કરેલ એડહોક વેલ્યુએશનના અઢીગણા લેખે ચુકવણું કરીને સદરહુ જમીન પેટે રૂ.૧૨૭ કરોડ એડહોક ધોરણે ભરેલ હતા.

પરંતુ સદરહુ ૭૨.૪૮ હે. જમીનનું કલેકટરશ્રીના અધ્યપક્ષદ હેઠળની ડીસ્ટ્રીકટ લેન્ડ વેલ્યુએશન કમીટીએ ૨૦૧૪માં વેલ્યુએશન કરતાં રૂ.૧૬૫૨૦ પ્રતિ ચો.મી. થયેલ હતું.

છતાં AMNS એ હજુ સુધી આ જમીનના તફાવતનાં નાણા ભરેલ નથી. એટલે વિલંબિત ચુકવણા ઉપર વ્યાજ અને સરકારના નવા નિયમ મુજબ-૨૦૨૧નો ભાવ ભરવાનો થાય. પરંતુ રાજ્ય સરકાર આ કિસ્સામાં જીલ્લા મુલ્યાંકન સમિતિની ભલામણો ગેરકાનુની રીતે ફગાવીને રૂ.૧૬૫૨૦ની જગ્યાએ માત્ર રૂ.૧૦૦૦ કરી દેવા માગે છે અને અગાઉ ભરેલ રૂ.૭૦૦/ચો.મી. દરનાં બાકી રહેતા વધારાના રૂ.૩૦૦ના અઢી ગણા લેખે ભરાવીને તે હિસાબે માત્ર રૂ.૫૪ કરોડ વધારાના ભરાવીને રૂ.૧૨૭+૫૪=રૂ.૧૮૧ ભરવાનું જણાવે છે.

હવે જો મુલ્યાંકન સમિતિના આધારે વ્યાજ સહિત વસુલાત કરવાની આવે તો રૂ.૧૬૫૨૦X૭૨૪૮૦૦X૨.૫=૨૯૯૩.૪૦ કરોડ ૨૦૧૪માં ભરવાના હતા. આગોતરા કબજા વખતે ભરેલ રકમનું બાદ કરીએ તો ૨૯૯૩.૪૦-૧૮૧=૨૮૧૨.૪૩ કરોડ ૨૦૧૪માં ભરવાના થાય. પરંતુ ૨૦૨૧ સુધીનું વ્યાજ ૨૮૧૨.૪૩X૭X૧૨/૧૦૦=૨૩૬૨.૪૪ આજની તારીખે કુલ વ્યાજના થાય.

કુલ=૨૮૧૨.૪૩+૨૩૬૪.૪૪=૫૧૭૪.૮૭ ભરવાના રહે.

પરંતુ રાજ્ય સરકાર કુલ માત્ર રૂ.૧૮૧ કરોડ ભરાવવા માગે છે જેનાથી રૂ.૫૧૭૪.૮૭-૧૮૧ કરોડ=૪૯૯૩.૮૦ કરોડનો સીધો ફાયદો AMNSને કરાવવા માગે છે.

| એરીયા ચો.મી. | મુલ્યાંકન પ્રતિ ચો.મી. (એડહોક) (રૂપિયામાં) | ૨૦૦૮ કુલ રકમ રૂપિયા કરોડમાં | મુલ્યાંકન પ્રતિ ચો.મી. ૨૦૧૪ (રૂપિયામાં) | ૨૦૧૪ પ્રમાણે કુલ રકમ રૂપિયા કરોડમાં | ૭ વર્ષ (૨૦૨૧)નું ૧૨ટકા વ્યાજ રકમ રૂપિયા કરોડમાં | કુલ રકમ રૂપિયા કરોડમાં | તફાવત રૂપિયા કરોડમાં |
|---|---|---|---|---|---|---|---|
| ૭૨૪૮૦૦ | ૧૦૦૦ | ૧૮૧ | ૧૬૫૨૦ | ૨૯૯૩.૪૦ | ૨૩૬૨.૪૦ | ૫૧૭૪.૮૭ | ૪૯૯૩.૮૦ |

AMNSને સીધો ફાયદો રૂ.૪૯૯૩.૮૦ કરોડનો થાય છે.

(૨) ૨૨.૪૭ હેકટર જમીન સરકારે અગાઉ નાની સહકારી મંડળીઓને નવી શરતથી આપી હતી. સદરહુ જમીન શરત ભંગમાં જતાં શ્રીસરકાર થયેલી છે. આ જમીન ઉપર AMNS એ જુદાં-જુદાં બાંધકામો કરીને દબાણ કરેલ છે. સદરહુ જમીન વિવાદમાં AMNS એ સહકારી મંડળીઓ સાથે 'પતાવટ' કરેલી છે તથા તેના ઉપરનાં બાંધકામનું દબાણ પોતાનું નથી એવું દર્શાવીને સદરહુ જમીન કોઈપણ રકમ ચુકવ્યા વગર પોતાને સોંપી દેવાની AMNS એ માગણી કરેલી છે.

હકીકતે આ જમીનનું ૨૦૧૪નું મુલ્યાંકન પણ રૂ.૧૬૫૨૦ થાય છે. ૨૦૨૦ સુધી ૧૨ ટકા ક્રમિક વધારો ગણીએ રૂ.૧૬૨૫૦+રૂ.૧૩૮૭૭=રૂ.૩૦૩૯૭/ચો.મી. ભાવ થાય.

કંપનીએ સદરહુ જમીન ઉપર દબાણ કરેલ હોય તેના બજાર ભાવના ૨.૫ ગણા લેખે રકમ ચુકવવાની રહે છે તે અનુસાર રૂ.૩૦૩૯૭X૨.૫=રૂ.૭૫,૯૯૨.૫૦/ચો.મી. લેખે AMNS એ ચુકવણું કરવાનું રહે છે. પરંતુ AMNSના જમીન પર ફક્ત રૂ.૮૪૭૧X૨૨૪૭૦૦=રૂ.૧૯૦.૩૪ કરોડમાં ફાળવવા માંગે છે અને તે અનુસાર દરખાસ્ત સરભર માટે મગાવવામાં આવેલ છે.

AMNS એ કુલ ચુકવવાપાત્ર રકમ ૨૨,૪૭,૦૦X૭૫,૯૯૨.૫૦=રૂ.૧૭૦૭.૫૫ કરોડ થાય છે. પરંતુ AMNS રૂ.૧૭૦૭.૫૫ કરોડ ચુકવવાનો ઈન્કાર કરેલ છે.

(3) આ ઉપરાંત AMNS એ ૭૨.૬૪ હેકટર અને ૮૦.૧૬ હેકટર મળીને કુલ ૧૫૨.૮૦ હેકટર જમીન ફાળવવા માટે નવી અરજી કરેલી છે. આ જમીન ઉપર જીંગા ફાર્મ આવેલાં હતાં. સરકારે સદરહુ જમીન AMNSને ફાળવવાની કાર્યવાહી કરતાં ફાર્મ માલિકોએ હાઈકોર્ટમાંથી જીંગા ફાર્મ તોડવા સામે સ્ટે મેળવેલ છે. પરંતુ સ્ટેની પ્રક્રિયાપૂર્ણ થયા પછી આ જમીન AMNSને સોંપવાની ભલામણ ચાલી રહી છે તે મુજબ રાજ્ય સરકારે નવું ૨૦૨૦માં મુલ્યાંકન રૂ.૮૪૭૧ કરેલ છે. હકીકતે આજ જમીનનું જીલ્લા લેન્ડ વેલ્યુએશન કમીટીએ ૨૦૧૪માં રૂ.૧૬,૫૨૦ મુલ્યાંકન કરેલું. તેમાં ૧૨ ટકાનો વાર્ષિક ક્રમિક વધારો ગણવાનો રહે છે તે મુજબ રૂ.૧૬,૫૨૦+(રૂ.૧૬૨૫૦X૧૨X૭/૧૦૦) ૧૩,૮૭૭=રૂ.૩૦,૩૯૭/ચો.મી. ગણવાના રહે છે.

| એરીયા ચો.મી. | મુલ્યાંકન પ્રતિ ચો.મી. સાલ ૨૦૨૦ | ૨૦૨૦ના મુલ્યાંકન મુજબ કુલ રકમ કરોડમાં (એ) રૂ.કરોડમાં | મુલ્યાંકન ચો.મી. સાલ ૨૦૧૪ રૂ.કરોડમાં | કુલ રકમ કરોડમાં રૂ.(બી) રૂ.કરોડમાં | ૨૦૧૪ અને ૨૦૨૦ના મુલ્યાંકનને કારણે સરકારને નુકશાન (બી)-(એ) રૂ.કરોડમાં |
|---|---|---|---|---|---|
| ૧૫૨.૮૦X૧૦૦૦૦ =૧૫૨૮૦૦૦ | ૮૪૭૧ | ૧૨૯૪ | ૩૦૩૯૭ | ૪૬૪૪.૬૬ | ૩૩૫૦.૬૬ કરોડ |

સરકારની નવી દરખાસ્તને કારણે રાજ્યની તિજોરીને રૂ.૩૩૫૦.૬૬ કરોડનું નુકશાન જાય તેમ છે.

શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ સરકાર પ્રવર્તમાન નિયમ મુજબ જમીન મુલ્યાંકન કરીને ગણતરી કરવામાં આવે તો રાજ્ય સરકારને રૂ. ૯૮૬૧.૭૪ કરોડનું નુકશાન થવાનો અને મતળીયા ઉદ્યોગ ગૃહ AMNSને ફાયદો થતો હોવાનું તારવ્યું હતું.

| ક્રમ | જમીનનું ક્ષેત્રફળ ચો.મી. | જમીનનું ૨૦૧૦નું મુલ્યાંકન રૂપિયામાં | ૨૦૧૦ના મુલ્યાંકન પ્રમાણે કુલ રકમ (એ) રૂપિયામાં | જમીનનું ૨૦૧૪નું મુલ્યાંકન રૂપિયામાં (બી) | ૨૦૧૪ પ્રમાણે વસુલવાની રકમ (બી) રૂપિયા કરોડમાં | AMNSને લાભ બી-એ રૂપિયા કરોડમાં |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૭૨૪૮૦૦ | ૧૦૦૦ | ૧૮૧ | ૫૧૭૪.૮૭ | | ૪૯૯૩.૮૭ |
| ૨ | ૨૨૪૭૦૦ | | | ૧૭૦૭.૫૫ | ૧૯૦.૩૪ | ૧૫૧૭.૨૧ |
| ૩ | ૧૫૨૮૦૦૦ | - | | ૪૬૪૪.૬૬ | ૧૨૯૪ | ૩૩૫૦.૬૬ |
| કુલ | ૨૪૭૭૫૦૦ | | | | | ૯૮૬૧.૭૪ |

(ડૉ. મનીષ એમ. દોશી)
મુખ્ય પ્રવકત્તા

# એનેક્ષર – એ

કલેકટરશ્રી, સુરતના અધ્યક્ષપણા હેઠળ તા.૨૮/૧૦/૨૦૧૪ ના રોજ સાંજ ૧૭.૩૦ કલાકે યોજાયેલ જીલ્લા જમીન મુલ્યાંકન સમિતિની બેઠકની કાર્યવાહી નોંધ

---

જીલ્લા જમીન મુલ્યાંકન સમિતિની બેઠકમાં નીચે જણાવેલ અધિકારીશ્રીઓ હાજર રહેલ.

| | | |
|---|---|---|
| ૧. | કલેકટરશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨. | જિલ્લા વિકાસ અધિકારીશ્રી,જિ.પં.સુરત | સભ્યશ્રી |
| ૩. | નિવાસી અધિક કલેકટરશ્રી,સુરત | સભ્ય સચિવશ્રી |
| ૪. | નગર નિયોજકશ્રી,નગર આયોજન અને મુલ્યાંકન ખાતું,સુરત | સભ્યશ્રી |

આજની આ બેઠકમાં હાજર રહેલા સૌને આવકારી બેઠકની કાર્યવાહી શરૂ કરવામાં આવી.નગર નિયોજકશ્રી,સુરત તરફથી રજુ કરવામાં આવેલ ૨(બે) કેસો સમિતિ સમક્ષ ચર્ચામાં લેવામાં આવેલ છે.બેઠકમાં સદરહું પ્રકરણો પરત્વે મીટીંગમાં વિસ્તૃત ચર્ચા શરૂ કરવામાં આવી.

સુરત શહેર રાજયનું બીજા નંબરનુ મોટું શહેર છે.સુરત જીલ્લો મહત્વના રાજય ધોરીમાર્ગો, રાષ્ટ્રીય ધોરીમાર્ગો, રેલ સુવિધા અને હવાઈ સુવિધાથી સીધો સંકળાયેલો હોવા ઉપરાંત એક્ષપ્રેસ–વેની મહત્વની કનેકટીવીટી ધરાવે છે.સુરત શહેર અને આજુબાજુના વિસ્તારોમાં કુદરતી સંપત્તિની વિપુલ વ્યાપક ઉપલબ્ધીનાં કારણે હીરા ઉત્પાદન અને વેચાણનો વ્યવસાય,ટેક્ષટાઈલ્સ અને જરીઉદ્યોગ સાથે રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય સ્તરનાં મહત્વનાં ખાનગી કોર્પોરેટ સેકટરનાં પ્રોજેકટ અને રાજય સરકાર તથા કેન્દ્ર સરકારના મહત્વના પ્રોજેકટ પણ સુરત નજીકમાં કાર્યરત છે.ત્યારે શહેર અને તેની આજુબાજુના વિસ્તારોનો ઝડપી વિકાસ થઈ રહેલ છે.સુરત મહાનગરપાલિકા અને સુરત શહેરી વિકાસ સત્તા મંડળ તથા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ ધ્વારા ઉપલબ્ધ આંતર માળખાકીય સવલતો વધવાને કારણે,ઔદ્યોગિક અને વ્યવસાયગત વિકાસની હરિફાઈને કારણે જમીનની માંગ પરત્વે જમીનોનું મહત્વ અને મુલ્ય વધતું રહયું છે.

સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં તા.૨૬/૪/૧૧ નાં પરિપત્ર ક્રમાંક: જમન/ ૩૯૧૦/ ૩૫૧૯/અ.૧ અનુંસાર તેમા જણાવેલ માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાને લઈ જે તે જમીનનું મુલ્યાંકન નકકી કરવામાં આવે છે.

સમિતિ ધ્વારા કેસ દીઠ વિસ્તૃત ચર્ચા વિચારણા કરીને સર્વાનુમતે નીચેની વિગતે જે તે જમીનનું મુલ્યાંકન નકકી કરવામાં આવે છે.

(૧) મોજે:બરબોધન,તા.ઓલપાડના બ્લોક નં. ૧૦૫૬/બ, ક્ષે.હે. ૧૨૩.૮૬.૯૮ ચો.મી. પૈકી હે.૬૮.૭૯.૬૦ ચો.મી. વાળી નવી શરતની જમીનમાં વેચાણ પરવાનગી મળવાના કામે કિંમત નકકી કરવા બાબત.

આ કામે અધિકૃત અધિકારીશ્રી, રામાન્યુઝ પ્રિન્ટ એન્ડ પેપર્સ લી. બરબોધન,તા.ઓલપાડનાએ સવાલવાળી જમીન વેચાણ કરવા પરવાની મળવા માંગણી કરેલ હોય નગર નિયોજકશ્રી,સુરત ધ્વારા મુલ્યાંકન અંદાજ અહેવાલ રજુ કરેલ છે.

નગર નિયોજકશ્રી,સુરત એ સુચવેલ છે કે, મોજે. બરબોધન,તા. ઓલપાડના બ.ન.૧૦૫૬/બ વાળી જમીન હાલ સ્થળે ખુલ્લી પડતર તથા કડવા જંગલી બાવળના ઝાડો અને ભરતીના સમયે પાણીના ભરાવાવાળી જમીન છે. સવાલવાળી જમીનમાંથી હાઈટેન્શન ઈલેકટ્રીક લાઈન પસાર થાય છે.જમીનની ઉત્તરે સવાલવાળી જમીન પૈકીની ખુલ્લી પડતર તથા પાણીના ભરાવાવાળી જમીન સ્થિત થયેલ છે. ત્યારબાદ બ.નં. ૧૦૫૫,૧૦૫૪ વાળી જમીનમાં રામાન્યુઝ પ્રિન્ટની ફેકટરી સ્થિત થયેલ છે. તથા બાજુમાં બ.નં. ૫૮૬ થી ૬૦૭ વાળી ખુલ્લી પડતર જમીન સ્થિત થયેલ છે. તથા બાજુમાં બ.નં. ૧૦૬૫, ૧૦૬૩,૧૦૭૦,૧૦૮૩,૧૦૮૪ વાળી ખુલ્લી પડતર જમીન સ્થિત થયેલ છે. સવાલવાળી જમીનની પૂર્વે સવાલવાળી જમીન પૈકીની ગૌચરની જમીન ત્યારબાદ બ.નં. ૧૧૨૩

ની ખેતીની ખુલ્લી જમીન સ્થિત થયેલ છે. સવાલવાળી જમીનની પશ્ચિમ બાજુએ સવાલવાળી જમીન પૈકીની ખુલ્લી પડતર જમીન તથા બ.નં. ૧૦૫૭,૧૦૫૮,૧૦૫૯,અને ૧૦૬૧ વાળી ખુલ્લી પડતર જમીનો ત્યારબાદ તેના ખાડી અને મોજે વાંસવા ગામનો સીમાડો સ્થિત થયેલ છે. આમ સવાલવાળી જમીનની આજુબાજુ ખુલ્લી પડતર જમીનો સ્થિત થયેલ છે. આ સિવાય કોઈ ખાસ વિકાસ થયેલ નથી.

સરકારશ્રીના તા.૨૬/૪/૧૧ થી નકકી થયેલ માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લઈ સામેલ ગણતરી પત્રકમા પેરામીટર્સ ધ્યાને લઈ જુદા જુદા તબકકે ગણતરી કરી નગર નિયોજકશ્રી તરફથી પ્રસ્તુત જમીનની હાલની બજાર કિંમત રૂા.૮૦૧/-(અંકે રૂપિયા આઠસો એક રૂપિયા પુરા)પ્રતિ ચો.મી ના અંદાજેલ છે

*ચર્ચા વિચારણાના અંતે પ્રશ્નવાળી જમીન અંગે તમામ વેચાણના વ્યવહારોની એવરેજ ધ્યાનમા રાખતા તથા અન્ય કોઈ કિંમત બાદ કરવાનું યોગ્ય ન જણાતા પ્રતિ ચો.મી.ની કિંમત રૂા.૯૩૪.૫૦(અંકે રૂપિયા નવસો ચોત્રીસ અને પચાસ પૈસા પુરા) સર્વાનુમતે નકકી કરવામાં આવે છે.*

(૨) મોજેઃહજીરા,તા. ચોર્યાસીના સ.નં. ૧૮૦,૧૮૧,૧૮૨,૧૮૩,૧૮૪,૧૮૫,૧૮૭/બ, ૨૩૫/અ,૨૩૭,૨૩૮,૨૩૯/અ,૨૪૧,૨૪૨ તથા ૨૪૩/અ,૧૮૬,૧૮૭,૨૩૬,૨૪૮/અ,૨૪૯ ,૨૫૦,૨૭૧/અ વાળી કુલ હે. ૭૨.૪૮.૯૭ ચો.મી. જમીનમાં અનધિકૃત રીતે બાંધકામ કરેલ દબાણ નિયમબધ્ધ કરવાના કામે કિંમત નકકી કરવા બાબત.

આ કામે એસ્સાર સ્ટીલ લી. હજીરા,તા.ચોર્યાસી, જી.સુરતનાએ ઉપરોકત મુજબના સરવે નબરોવાળી જમીનમાં કરેલ બાંધકામ નિયમબધ્ધ કરવા અરજી કરેલ હોય નગર નિયોજકશ્રી,સુરત ધ્વારા મુલ્યાંકન અંદાજ અહેવાલ રજુ કરેલ છે.

નગર નિયોજકશ્રીએ સુચવેલ છે કે,સવાલવાળી જમીન મોજે. હજીરા ખાતે સ્થિત છે. આ જમીન મોટુ કદ ધરાવતું સાધારણ સમતળ લેવલ ધરાવતી જમીન છે. સવાલવાળી જમીનો પૈકી સ.નં. ૨૭૩/અ હાલ સ્થળે ખુલ્લી જમીન છે. બાકીની જમીનોમાં એસ્સાર કંપનીના સ્ટીલ પ્લાન્ટ આવેલ છે. તેમજ સવાલવાળી જમીનોની ઉત્તરે મોજે. હજીરા સેલ કંપની તરફ જતો પાકો હયાત માર્ગ (અંદાજે ૪૫.૦૦ થી ૫૦.૦૦ મીટર) આવેલ છે. સવાલવાળી જમીનની પૂર્વે એસ્સાર કંપનીનું લાગુ સ્ટીલ પ્લાન્ટ આવેલ છે. તથા પશ્ચિમે હજીરાની ખુલ્લી (ઝાડી ઝાંખરાવાળી ) સરકારી જમીન આવેલ છે. સવાલવાળી જમીનની દક્ષિણે ખુલ્લી જમીન આવેલી છે.

પ્રશ્નવાળી જમીનના મુલ્યાંકન અર્થે જીલ્લા જમીન મુલ્યાકન સમિતિ ધ્વારા સવાલવાળી જમીનનું પુનઃ સ્થળ નિરીક્ષણ તા. ૩૦.૯.૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ છે.તેમજ હાલની તારીખનું મુલ્યાંકન કરવામા આવેલ છે.

સરકારશ્રીના તા.૨૬/૪/૧૧ થી નકકી થયેલ માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાંને લઈ સામેલ ગણતરી પત્રકમા પેરામીટર્સ ધ્યાંને લઈ જુદા જુદા તબકકે ગણતરી કરી નગર નિયોજકશ્રી તરફથી પ્રસ્તુત જમીનની હાલની બજાર કિંમત રૂા.૧૬,૫૨૦/-(અંકે રૂપિયા સોળ હજાર પાંચસો વીસ પુરા )પ્રતિ ચો.મી.ના અંદાજેલ છે.

*ચર્ચા વિચારણાના અંતે પ્રશ્નવાળી જમીનની પ્રતિ ચો.મી.ની કિંમત રૂા.૧૬,૫૨૦/-(અંકે રૂપિયા સોળ હજાર પાંચસો વીસ પુરા ) પુરા સર્વાનુમતે નકકી કરવામાં આવે છે.*

ઉપરોકત કેસો પૈકી જે કેસોની કિંમત રૂ.૫૦/- લાખથી વધુ થતી હોય તેવા કેસો રાજ્ય મુલ્યાંકન સમિતિમા નિર્ણય લેવા સરકારશ્રીમા દરખાસ્ત મોકલવાની રહેશે. (૯૬)

અન્ય કોઈ મુદ્દા ન હોય મીટીંગ આભાર સાથે બેઠક પુર્ણ થયેલી જાહેર કરવામાં આવી

ન એ/જમન/મુલ્યાકન/માહે-સપ્ટેમ્બર/૨૦૧૩
જિલ્લા સેવા સદન-૨ બી બ્લોક ૫મો માળ અઠવાલાઈન્સ,
સુરત તા ૨૮/૧૦/૨૦૧૪.

સહી/-
અધ્યક્ષ
જીલ્લા જમીન મુલ્યાંકન સમિતિ
અને
કલેક્ટર સુરત

રવાના કર્યુ

કલેક્ટર, સુરત વતી.

પ્રતિ,
સબંધિતો તમામ તરફ જાણ સારૂ.
નકલ રવાના-નગર નિયોજકશ્રી,નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ,સી/૭,બહુમાળી મકાન,નાનપુરા,સુરત.

# એનેક્ષર – બી

## કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, સુરત

ચીટનીશ શાખા(જમન), બી–બ્લોક, પાચમો માળ, જિલ્લા સેવાસદન–૨, અઠવાલાઈન્સ, સુરત.
Phone NO.0૨૬૧–૨૬૬00૨૧, Fax No. .0૨૬૧–૨૬૫૫૭૫૭
Email Id : 31.chitnisjaman1@gmail.com collector-sur@gujarat.gov.in

નં.એ/જમન/મૂલ્યાંકન/નવેમ્બર–૨૦૨૦/વશી.૩૭૮૮ થી૩૭૯૨/૨૦૨૦ | તા.૧૦/૧૨/૨૦૨૦

**સરકારી ખરાબા/સરકારશ્રીનું હિત સમાયેલ હોય તેવી જમીનોની કિંમત મુકરર કરવાની જિલ્લા મુલ્યાંકન સમિતિની તા.૨૬/૧૧/૨૦૨૦ ના રોજ ૧૫–૩૦ કલાકે યોજાયેલ મિટિંગની કાર્યવાહી નોંધ.**

ડી.એલ.વી.સી. ની બેઠકમાં નીચે મુજબના અધિકારીશ્રીઓ હાજર રહેલ.

૧. ચેરમેનશ્રી, ડી.એલ.વી.સી. અને કલેકટરશ્રી, સુરત.

૨. સભ્યશ્રી ડી.એલ.વી.સી. અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરત.

૩. સભ્યશ્રી ડી.એલ.વી.સી. અને નગર નિયોજકશ્રી, સુરત.

૪. સભ્ય સચિવશ્રી, ડી.એલ.વી.સી. અને નિવાસી અધિક કલેકટરશ્રી, સુરત.

સરકારી ખરાબાની તેમજ સરકારશ્રીનું હિત સમાયેલ હોય તેવી જમીનોનું મુલ્યાંકન કરવા માટે જિલ્લા કક્ષાની મુલ્યાંકન કમિટિની રચના સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૧૫/૦૧/૧૯૯૮ ના ઠરાવથી થયેલ છે. આ કમિટિમાં કિંમત મુકરર કરવા સરકારશ્રીના મહેસુલ વિભાગ, ગાંધીનગરના તા.૨૨/૦૫/૨૦૧૮ ઠરાવ ક્રમાંકઃ જમન–૩૯૧૦–૩૫૧૯–અ–૧. અને તા.૧૧/૦૯/૨૦૧૮ ના સુધારા ઠરાવથી મુલ્યાંકન નીતિમાં સુધારો કરેલ છે. તે આધારે નગર નિયોજકશ્રી, સુરતે સરકારી જમીન તથા સરકારશ્રીનું હિત સમાયેલ હોય તેવી જમીનોની કિંમત નકકી કરવાની થતી હોય તેવા કુલ–ત્રણ કેસની મુલ્યાંકન નોંધ તૈયાર કરી કમિટિ સમક્ષ રજુ કરેલ. આજની મિટિંગમાં રજુ કરેલ કેસમાં મુલ્યાંકન માટે નીચેની વિગતે ચર્ચા કરી મુલ્યાંકનની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

કેસ નં.૧:– મોજે.કતારગામ તા.સુરત સીટી, જી.સુરત, સ.નં.૪૩૦/૧/૧ વાળી જમીન શ્રી પટેલ વાડી હળપતી ઘર બાંધનારી સહકારી મંડળી લી ને વેચાણ પરવાનગી આપવા બાબત.

| | | |
|---|---|---|
| ૧ | અરજદારની વિગત | શ્રી પટેલ વાડી હળપતી ઘર બાંધનારી સહકારી મંડળી લી. |
| ૨ | માંગણીવાળી જમીનનું ક્ષેત્રફળ | ૨૨૨૬.૦૦ ચો.મી. |
| ૩ | માંગણીવાળી જમીનનું સદર / પ્રકાર | મોજે. કતારગામ તા.સુરતસીટી . જી.સુરતનાં સ.નં.૪૩૦/૧/૧ |
| ૪ | આગોતરો કબજો સોંપ્યા તારીખ (જો હોય તો) | આગતરો કબ્જો સોંપાયેલ નથી. |
| ૫ | કઈ મુલ્યાંકન નિતી મુજબ મુલ્યાંકન કરેલ છે તે ઠરાવ /પરિપત્રની તારીખ | સરકારશ્રીના મહેસુલ વિભાગ, ગુજરાત રાજય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ– જમન–૩૯૧૦–૩૫૧૯–અ–૧. તા.૨૨/૦૫/૨૦૧૮ તથા જમન /૩૯૧૦/૩૫૧૯/અ.૧, તા.૧૧/૦૯/૨૦૧૮ |
| ૬ | કઈ તારીખની સ્થિતિના વેચાણો ધ્યાને લીધેલ છે. | છેલ્લા ૨ વર્ષના |
| ૭ | વિચારણામાં લીધેલ વેચાણોની સંખ્યા | કુલ –૯ વેચાણોમાંથી સરખાવવા પાત્ર ૩(ત્રણ) વેચાણો વિચારણામાં લીધેલા છે. |
| ૮ | વેચાણોની સરેરાશ | રૂા. ૧૩૭૭૧.૭૮ પ્રતિ ચો.મી. |

| | | |
|---|---|---|
| ૯ | નગર નિયોજકશ્રીએ સુચવેલ મુલ્યાંકન | રૂ.૯૦૩૭૦/- પ્રતિ ચો.મી. |
| ૧૦ | જિલ્લા મુલ્યાંકન સમિતીનું આખરી મુલ્યાંકન | રૂ.૯૦૩૭૦/- પ્રતિ ચો.મી. |
| ૧૧ | જંત્રી કિંમત (જે તે હેતુ અનુસાર) | |
| ૧૨ | સમિતિની નોંધ | વિસ્તૃત ચર્ચાના અંતે નગર નિયોજકશ્રીના અભિપ્રાય સાથે સમંત થઈ સવાલવાળી જમીનની પ્રવર્તમાન બજાર કિંમત આ સાથેના નિર્ણય પત્રની વિગતે પ્રતિ ચો.મી. ના કિંમત રૂ.૯૦૩૭૦/- ( અંકે રૂપીયા નેવુ હજાર ત્રણસો સીતેર પુરા) મુકરર કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું છે. |

કેસ નં.૨ઃ- મોજે. હજીરા તા.ચોર્યાસી જી.સુરત.(૧) સ.નં.૪૪૨,રી.સ.નં. ૨૬૩, (૭/૧૨ મુજબ નિયામકશ્રી,બંદર વિભાગ,ગુજરાત રાજ્ય)(૨) સ.નં.૪૪૫,રી.સ.નં. ૨૬૬, (૭/૧૨ મુજબ નિયામકશ્રી,બંદર વિભાગ,ગુજરાત રાજ્ય)(૩)સ.નં.૪૪૧,રી.સ.નં. ૨૬૨, (૭/૧૨ મુજબ સરકારી જમીન)(૪) સ.નં.૪૪૪,રી.સ.નં. ૨૬૫, (૭/૧૨ મુજબ સરકારી જમીન ) ક્ષેત્રફળઃ૬૯૬૫૫૬.૦૦ સરકારી જમીન બીન ખેતી ઓધોગીક હેતુસર આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ ઇન્ડીયા લી.કંપની હજીરાના હેતુ માટે ફાળવવા બાબત.

| | | |
|---|---|---|
| ૧ | અરજદારની વિગત | ઓધોગીક હેતુસર આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ ઇન્ડીયા લી.કંપની હજીરના હેતુ માટે ફાળવવા બાબત. |
| ૨ | માંગણીવાળી જમીનનું ક્ષેત્રફળ | ૬૯૬૫૫૬.૦૦ ચો.મી. |
| ૩ | માંગણીવાળી જમીનનું સદર / પ્રકાર | મોજે. હજીરા તા.ચોર્યાસી જી.સુરત.(૧) સ.નં.૪૪૨, રી.સ.નં. ૨૬૩, (૨) સ.નં.૪૪૫,રી.સ.નં. ૨૬૬, (૩)સ.નં.૪૪૧,રી.સ.નં. ૨૬૨, (૪) સ.નં.૪૪૪,રી.સ.નં. ૨૬૫ |
| ૪ | આગોતરો કબજો સોંપ્યા તારીખ (જો હોય તો) | આગતરો કબ્જો સોંપાયેલ નથી. |
| ૫ | કઈ મુલ્યાંકન નિતી મુજબ મુલ્યાંકન કરેલ છે તે ઠરાવ /પરિપત્રની તારીખ | સરકારશ્રીના મહેસુલ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ- જમન-૩૯૧૦-૩૫૧૯-અ-૧. તા.૨૨/૦૫/૧૮ તથા જમન /૩૯૧૦/૩૫૧૯/અ.૧, તા.૧૧/૦૯/૧૮ |
| ૬ | કઈ તારીખની સ્થિતિના વેચાણો ધ્યાને લીધેલ છે. | છેલ્લા ૨ વર્ષના |
| ૭ | વિચારણામાં લીધેલ વેચાણોની સંખ્યા | કુલ -૨૯ વેચાણોમાંથી સરખાવવા પાત્ર ૧૦ (દસ) વેચાણો વિચારણામાં લીધેલા છે. |
| ૮ | વેચાણોની સરેરાશ | રૂ. ૩૦૨૮.૪૧ /- પ્રતિ ચો.મી. |
| ૯ | નગર નિયોજકશ્રીએ સુચવેલ મુલ્યાંકન | રૂ.૮૪૭૧ /- પ્રતિ ચો.મી. |
| ૧૦ | જિલ્લા મુલ્યાંકન સમિતીનું આખરી મુલ્યાંકન | રૂ.૮૪૭૧/- પ્રતિ ચો.મી. |
| ૧૧ | જંત્રી કિંમત (જે તે હેતુ અનુસાર) | |
| ૧૨ | સમિતિની નોંધ | વિસ્તૃત ચર્ચાના અંતે નગર નિયોજકશ્રીના અભિપ્રાય સાથે સમંત થઈ સવાલવાળી જમીનની પ્રવર્તમાન બજાર કિંમત આ સાથેના નિર્ણય પત્રની વિગતે પ્રતિ ચો.મી. ની કિંમત રૂ.૮૪૭૧/- ( અંકે રૂપીયા આઠ હજાર ચારસો ઈકોતેર પુરા) મુકરર કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું છે. |

કેસ નં.૩ઃ- મોજે. મોરા તા.ચોર્યાસી જી.સુરત. સ.નં.૧૪૮/અ તથા મોજે.સુવાલી શીવરામપુરા તા.ચોર્યાસી,જી.સુરત, ના (૧)સ.નં./બ.નં. ૧૭૬/૧, નવો સ.નં.૧૦૨/૧ ક્ષે.૮૦૯૨૯૦.૦૦ ચો.મી. પૈકી. ૨૮૪ ચો.મી. (૨)સ.નં./બ.નં.૪૯૮/૧, નવો સ.નં.૧૫૩ અને ૬૯ ક્ષે.૧૧૨૩૧૯૪.૦૦ ચો.મી. પૈકી. ૧૪૫૯ ચો.મી.મળી કુલ ૧૭૪૩ સરકારી જમીન બીન ખેતી અદાણી વિલમાર કંપનીને પાણીની પાઈપ લાઈન નાંખવાના વપરાશી હક (ઓધોગીક)ના હેતુ માટે ફાળવવા બાબત.

| | | |
|---|---|---|
| ૧ | અરજદારની વિગત | અદાણી વિલમાર કંપનીને પાણીની પાઈપ લાઈન નાંખવાના વપરાશી હક (ઔદ્યોગીક)ના હેતુ માટે ફાળવવા બાબત. |
| ૨ | માંગણીવાળી જમીનનું ક્ષેત્રફળ | ૧૭૪૩.૦૦ ચો.મી. |
| ૩ | માંગણીવાળી જમીનનું સદર / પ્રકાર | મોજે. મોરા તા.ચોર્યાસી જી.સુરત. સ.નં.૧૪૮/અ તથા મોજે.સુવાલી શીવરામપુરા તા.ચોર્યાસી,જી.સુરત, ના (૧ ) સ.નં./બ.નં. ૧૭૬/૧, નવો સ.નં.૧૦૨/૧ ક્ષે.૮૦૯૨૯૦.૦૦ ચો.મી. પૈકી. ૨૮૪ ચો.મી. (૨ )સ.નં./બ.નં. ૪૯૮/૧, નવો સ.નં.૧૫૩ અને ૬૯ ક્ષેત્રફળ:૧૧૨૩૧૯૪.૦૦ ચો.મી. પૈકી. ૧૪૫૯ ચો.મી.મળી કુલ ૧૭૪૩ |
| ૪ | આગોતરો કબજો સોપ્યા તારીખ (જો હોય તો) | આગતરો કબ્જો સોપાયેલ નથી. |
| ૫ | કઈ મુલ્યાંકન નિતી મુજબ મુલ્યાંકન કરેલ છે તે ઠરાવ /પરિપત્રની તારીખ | સરકારશ્રીના મહેસુલ વિભાગ, ગુજરાત રાજય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:- જમન-૩૯૧૦-૩૫૧૯-અ-૧. તા.૨૨/૦૫/૨૦૧૮ તથા જમન /૩૯૧૦/૩૫૧૯/અ.૧, તા.૧૧/૦૯/૨૦૧૮ |
| ૬ | કઈ તારીખની સ્થિતિના વેચાણો ધ્યાને લીધેલ છે. | છેલ્લા ૨ વર્ષના |
| ૭ | વિચારણામાં લીધેલ વેચાણોની સંખ્યા | કુલ -૨૯ વેચાણોમાંથી સરખાવવા પાત્ર ૦૩(ત્રણ) વેચાણો વિચારણામાં લીધેલા છે. |
| ૮ | વેચાણોની સરેરાશ | રૂા. ૩૦૨૮.૪૧/- પ્રતિ ચો.મી. |
| ૯ | નગર નિયોજકશ્રીએ સુચવેલ મુલ્યાંકન | રૂા.૧૦૮૧૬/- પ્રતિ ચો.મી. |
| ૧૦ | જિલ્લા મુલ્યાંકન સમિતીનુ આખરી મુલ્યાંકન | રૂા. ૧૦૮૧૬/- પ્રતિ ચો.મી. |
| ૧૧ | જંત્રી કિંમત (જે તે હેતુ અનુસાર) | |
| ૧૨ | સમિતિની નોંધ | વિસ્તૃત ચર્ચાના અંતે નગર નિયોજકશ્રીના અભિપ્રાય સાથે સમંત થઈ સવાલવાળી જમીનની પ્રવર્તમાન બજાર કિંમત આ સાથેના નિર્ણય પત્રની વિગતે પ્રતિ ચો.મી. ના કિંમત રૂા.૧૦૮૧૬/- ( અંકે રૂપીયા દસ હજાર આઠસો સોળ પુરા) મુકરર કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું છે. |

અન્ય કોઈ મુદ્દા ન હોય સર્વેનો આભાર માની બેઠકની કાર્યવાહી પૂર્ણ જાહેર કરવામાં આવી.

સહી/-
અધ્યક્ષ
જિલ્લા જમીન મુલ્યાંકન સમિતિ
અને
કલેકટર સુરત

રવાના કર્યું
ચીટનીશ ટુ ધી કલેકટર સુરત

પ્રતિ,
સબંધિત તમામ દફતર(જમીન સંપાદન) તરફ જાણ સારૂં.
નકલ રવાના :
(૧) નગર નિયોજકશ્રી, નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ, સી/૭, બહુમાળી મકાન, નાનપુરા, સુરત તરફ જાણ સારૂં.
(૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, ચોક બજાર સુરત તરફ જાણ સારૂં.

પ્રતિ,
મેનેજર શ્રી,
એસ્સાર સ્ટીલ લી હજીરા,
તા ચોર્યાસી, જી સુરત

વિષય – મોજે હજીરા તા.ચોર્યાસી
સ.નં.૧૮૦, ૧૮૧, ૧૮૨, ૧૮૩, ૧૮૪, ૧૮૫, ૧૮૭/બ, [illegible],
૨૩૭, ૨૩૮, ૨૩૯/અ, ૨૪૧, ૨૪૨ તથા ૨૪૩/અ વાળી કુલ
હે.૫૨–૦૩–૨૮ ચો.મી. તથા સ.નં.૧૮૬, ૧૮૯, ૨૩૬, ૨૪૮/અ, ૨૪૯,
૨૫૦ તથા ૨૭૧/અ વાળી કુલ હે.૨૦–૪૫–૬૯ચો.મી. મળી કુલ
હે.૭૨–૪૮–૯૭ ચો.મી. જમીન ઉપરનું દબાણ નિયમબધ્ધ કરવા બાબત.
સરકારશ્રીમાં ઉચ્ચક રકમ જમા કરાવવા બાબત

ઉપરોક્ત વિષય સંદર્ભે જણાવવાનું કે, આપના દ્વારા કુલ હે.૭૨–૪૮–૯૭ ચો.મી. સરકારી જમીન પર કરેલ દબાણ પ્રવર્તમાન બજાર કિંમતની અઢી ગણી કિંમત કંપની પાસેથી વસુલ લઈ કંપનીના પ્લાન્ટનું બાંધકામ ચાલુ કરવા દેવાનો સરકારશ્રીએ નિર્ણય કરેલ છે.

સવાલવાળી જમીનની કિંમત જિલ્લા મુલ્યાંકન સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ નથી આથી સવાલવાળી જમીનની નજીકમાં મે.એલ એન્ડ ટી કંપનીને રૂ.૭૦૦ પ્રતિ ચો.મી.લેખે જમીનની ફાળવણી કરવામાં આવેલ છે. તેને ધ્યાને લઈને પ્રતિ ચો.મી. રૂ.૭૦૦/– લેખે કંપની દ્વારા કરવામાં આવેલ દબાણવાળી કુલ હે.૭૨–૪૮–૯૭ ચો.મી. જમીનના રૂ.૧,૨૭,૫૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એકસો સત્તાવીસ કરોડ પચાસ લાખ પુરા)ની ઉચ્ચક રકમ મે.એસ્સાર સ્ટીલ લી. પાસેથી વસુલ લઈ નીચેની શરતોએ મે.એસ્સાર સ્ટીલ લી.ના પ્લાન્ટનું બાંધકામ ચાલુ કરવા દેવાની પરવાનગી આપવા જણાવેલ છે.

(૧) કંપનીનું દબાણ નિયમબધ્ધ કરવા અંગે સવાલવાળી જમીનની રાજયકક્ષાની મુલ્યાંકન સમિતિ /રાજય સરકાર દ્વારા જે કિંમત નક્કી કરવામાં આવે તેની અઢી ગણી કિંમત ગણતાં જે રકમ થાય તેમાંથી આ રૂપિયા રૂ.૧,૨૭,૫૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એકસો સત્તાવીસ કરોડ પચાસ લાખ પુરા)ની રકમ બાદ કરતાં તફાવતની રકમ ભરપાઈ કરવા માટે કંપનીએ બાંહેધરી પત્ર રજુ કરવાનું રહેશે.

(૨) રાજય સરકાર દ્વારા કંપનીનું દબાણ નિયમબધ્ધ કરવા અંગે બીજી જે શરતો નક્કી કરવામાં આવશે તે કંપનીને બંધનકર્તા રહેશે.

સબબ ઉપર મુજબ સરકારશ્રી તરફથી નક્કી કરેલ ઉચ્ચક રકમ રૂ.૧,૨૭,૫૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એકસો સત્તાવીસ કરોડ પચાસ લાખ પુરા) સરકારશ્રીમા "૦૦૨૯ એલ. આર. એન. ટી.બી." સદરે જમા કરાવી અસલ ચલણ અત્રેની કચેરીમાં રજુ કરવા વિનંતી છે. તેમજ ઉકત પેરા–૧માં જણાવ્યા મુજબની વિગતે બાંહેધરીપત્ર પણ રજુ કરવા વિનંતી છે.

(નોંધ ઉપર મે.કલેકટરશ્રીએ આપેલ આદેશાનુસાર)

કલેકટર સુરત વતી

નકલ રવાના:– નાયબ કલેકટરશ્રી, ચોર્યાસી પ્રાંત, સુરત તરફ

ઉ–પ્રશ્નવાળી જમીન પર કંપની તરફથી કરેલ દબાણ નિયમિત કરવાના [illegible] સરકારશ્રીના મહેસુલ વિભાગના તા ૮/૧/૮૭ના ઠરાવ તથા તા.૧/૮/૮[illegible] ઠરાવના સુચના [illegible] સરકારશ્રીમા મોકલવાની હોય તે ધ્યાને લઈ નિયમોનુસાર કાર્યવાહી કરી [illegible] દરખાસ્ત [illegible] જણાવવામાં આવે છે.

નકલ રવાના:– મામલતદારશ્રી ચોર્યાસી તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી થવા સારૂ.